કાંતિભાઈ અમૃતિયાની સ્પીચ.

**માનનીય અધ્યક્ષશ્રી,**

કનુભાઈ આ સન્માનનીય ગૃહ સામે આજે હું અંદાજપત્રની સામાન્ય ચર્ચામાં ભાગ લેવા ઉપસ્થિત થયો છું. ત્યારે ચર્ચામાં ભાગ લેવાની તક આપવા માટે માનનીય અધ્યક્ષશ્રી હું સદન પ્રત્યે મારે આભાર ની લાગણી પ્રગટ કરું છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

મીઠા ઉદ્યોગ વિશે મારે બોલવાનું છે ત્યારે મારે કહેવું છે કે " મીઠું સ્વાદે ખારું અને નામે મીઠું" એવા મીઠા વગર તો બધી રસોઇ અધુરી છે. વિવિધ કુદરતી અને ઔદ્યોગિક પેદાશ સ્વરૂપે મળી આવતું સોડિયમ ક્લોરાઇડ નામનું અગત્યનું રાસાયણિક સંયોજન છે. જે આરોગ્ય માટેની દવામાં પણ વપરાય છે. મીઠું આમ જોતા તો માનવના ખોરાકનો એક ભાગ છે. મીઠાં વિનાની રસોઈની કલ્પના કરવી મુશકેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

કોઈની સમજણ ઓછીહોય તો આપણે કહીએ છીએ "મીઠાં વિનાનો છે." આવું મીઠું ખારા પાણીમાંથી અગરિયાઓ દ્વારા અગરની ક્યારી માંથી પકાવવામાં આવે છે. આપણી ગુજરાત સરકારે દરેક વર્ગની જેમ અગરિયા વર્ગને પણ સમાજની સાથે ઊભા રહી શકે,સક્ષમ બની શકે, તે માટે અનેક

યોજનાઓ અમલમાં મૂકીને મીઠાં ના વ્યવસાય સાથે જોડાયેલ અગરિયાઓને પગભર કરવાના પ્રયત્નો કર્યા છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

અગરિયા માટે ગુજરાત સરકાર સતત ચિંતા કરી રહી છે .મીઠું પકાવી પોતાનું ગુજરાન ચલાવતા અગરિયાના પોતાના બાળકોને ઉચ્ચ અભ્યાસ માટેની શિષ્યવૃત્તિ સરકાર દ્વારા આપવામાં આવે છે. તેમ જ અગરિયાને સાથે રાખીને મીઠા ઉદ્યોગની આગવી છાપ ઊભી થાય તે માટે વૈજ્ઞાનિક પ્રયોગો પણ સરકાર દ્વારા હાથ ધરાયા છે. એક સામાન્ય અગરિયા પરિવાર ઉચ્ચસ્તરે લઈ જવા માટે આપણી ગુજરાત સરકાર હંમેશા તત્પર રહી છે

**માનનીય અધ્યક્ષશ્રી,**

અગરિયાના વિકાસ અને કલ્યાણ માટે આપણી સરકારે વન-અધિકારનો કાયદો ૨૦૦૬ મુજબ કચ્છના નાના રણ માટે અગરિયાના પારંપરિક સિઝનલ-યુઝર-રાઈટ્સને સરકાર માન્યતા આપી છે. જ્યાં આયોડાઈઝેશનના કાયદાની પુન:વિચારણા કરી,જ્યાં જરૂર નથી ત્યાં, આયોડિન વિનાના મીઠાના વેચાણ માટે છૂટ આપવામાટે સરકારે  પગલાં લીધા છે. કચ્છના નાના રણમાંમીઠાંના ઉત્પાદનના કુલ ખર્ચના ૬૦ થી ૭૦% ડીઝલનો ખર્ચ થાય છે.તેથી આ ખર્ચ ઘટાડવા માટે ડીઝલ ની જગ્યાએ સોલાર પંપ માટેની યોજના સરકાર દ્વારા

જાહેર કરવામાં આવી છે.અને સાથે-સાથે મીઠાંની ગુણવત્તા સુધારવાના અને બાય પ્રોડક્ટ રિકવરી માટેના સરકારના સતત પ્રયાસો કરી રહી છે . તેમ જ મીઠાને ટેકાના ભાવ તથા પાક-વીમા હેઠળ આવરી લેવાનું કામ કર્યું છે. PDS દ્વારા વિતરણનું મીઠું અસંગઠિત અગરિયાઓ પાસેથી ખરીદવું જેથી તેમને ટેકો મળી રહે અને એમના પરિવારોની આર્થિક સિથિતિ સુધરે તે માટે સરકારે બધા જ પગલાં લીધા છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

કચ્છનું નાનું રણ તેમ જ આસપાસના ૧૦૭ ઉપરાંત ગામોમાં વસતા મોટા ભાગના ચુંવાળીયા-કોળી ઉપરાંત સંધિ અને મિયાણા( વિચરતી-વિમુક્ત) જનજાતિના લોકો વર્ષોથી પેઢી દર પેઢીથી પરંપરાગત રીતે આ ઉદ્યોગ સાથે સંકળાયેલા છે.તેમના ઉત્થાન માટે સરકાર કટિબધ્ધ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ભારત મીઠાના ઉત્પાદનમાં વિશ્વમાં ત્રીજા ક્રમે છે .ભારતમાં પાકતા કુલ મીઠાનો૮૦% હિસ્સો ગુજરાતમાં પાકે છે. ગુજરાતના મીઠાના  કુલ ઉત્પાદનનું ૬૦ થી ૭૦% મીઠું કચ્છના નાના રણમાં પાકતું હતું.

માનનીય અધ્યક્ષશ્રી,

અગરિયા કોઈપણ એન્જિનિયરિંગ સાધનો વિના માત્રને માત્ર પગના તળિયાથી હજારો.... લાખો... પગલીઓ પાડીને મીઠું પકાવવાનું કામ કરે છે. શિયાળામાં ઝીરો ડિગ્રી તાપમાન છે.અને ઉનાળામાં ૫૦ ડિગ્રી તાપમાનમાં આ લોકો કામ કરે છે.જેથી આ લોકોની ચિંતા આપણી રાજ્ય સરકારે કરી અને તેને અનેક વિવિધ યોજનાઓનો લાભ આપ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી,

આપણી સરકારે રણશાળા કાર્યક્રમ કરી બાળકોનું શિક્ષણ છૂટી ન જાય તે માટે આખા રણમાં ૪૩ શાળાઓ શરૂ કરી છે. તેમાં હાલ ૧૪૦૦ જેટલા બાળકો ભણે છે. આ શાળાની જવાબદારી સમગ્ર શિક્ષા અભિયાનને સોંપવામાં આવી છે. જૂની ૨૦૦ બસો મોડીફાઇ કરી સ્માર્ટ ક્લાસ તરીકે તૈયાર કરી રણમાં ૪૩ રણશાળાઓ બનાવવાનું સરાહનીય કાર્ય આ સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી,

સરકારે ૨૦૧૭ થી અગરિયાઓ માટે “સોલાર વોટર પંપિંગ સિસ્ટમ યોજના” અમલમાં મૂકી છે. જેમાં ૮૦% સબસીડી સરકાર આપે છે અને માત્ર ૨૦% ફાળો અગરિયાએ

આપવાનો હોય છે. જેથી મીઠાં ઉત્પાદનની અગરિયાઓની કોસ્ટ ઘટતા તેમને સીધોજ આર્થિક ફાયદો થાય છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાત સરકારે આજીવિકા અને યુવા રોજગારી કાર્યક્રમો કરીને અગરિયાઓના યુવા-યુવતી માટે નવી રોજગારીની તકો ઉપલબ્ધ થાય તે માટે તાલીમ અને રોજગારીના કાર્યક્રમો શરૂ કર્યા છે। કરી રહી છે. આ માટે પાટડી સાંતલપુર અને માળિયા મુકામે બહુહેતુક કેન્દ્રો ઊભા પણ કરવામાં આવ્યા છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

સોલાર વોટર પંપિંગ સિસ્ટમ યોજના જાહેર થયા બાદતારીખ ૩૧/૧૨/૨૦૨૩ સુધી ની સીથિતિએ કુલ ૪૨૮૯ કુટુંબોને રૂપિયા ૧૦૨ કરોડ કરતાં વધારેનીરકમની સહાય રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી,

આમ રાજય સરકારે  મીઠા ઉધોગની સાથે સંકળાયેલા અગરિયાઓની સતત ચિંતા કરી છે.ત્યારે અંદાજપત્રની સામાન્ય ચર્ચામાં ભાગ લેતાં હું આ માંગણીઓને મારું અનુમોદન આપી મારી વાત પૂર્ણ કરું છું.